તત્વવિચાર

૭. સાંખ્યદર્શનની ૨૫ તત્ત્વોની માન્યતા :

માનવ અને સૃષ્ટિના પારસ્પરિક સંબંધને તપાસવા માટે સાંખ્યદર્શને વિશ્લેષણાત્મક પદ્ધતિ અપનાવી છે. આથી વિશ્વમાં બે તત્ત્વો દષ્ટિગોચર થાય છે : ચેતન અને જડ. આ બંને તત્ત્વો સંપૂર્ણતયા ભિન્ન છે. બંનેનું સંમિશ્રણ સંભવિત નથી. આ બંને સ્વતંત્ર સત્તાઓનો સંયોગ થાય, આમાંથી પ્રથમ ચેતન તત્ત્વને પુરુષ કે આત્મા કહેવામાં આવે છે. તે કોઇ તત્ત્વથી બનતો નથી અને તેમાંથી પણ કઇ બનતું નથી. તે ચિતિરૂપ અને નિર્વિકાર છે. તે નિર્ગુણ, ઉદાસીન અને અપરિણામી છે. આ ચેતન પુરુષ પ્રમાતા (વિષયી) છે.

બીજા તત્ત્વને પ્રકૃતિ કહે છે. આ મૂળ પ્રકૃતિ આદિ કારણ છે. તે સૂક્ષ્મ હોવાથી ‘અવ્યક્ત’ અને બધા જ કાર્યોનો આધાર હોવાથી ‘પ્રધાન’ રૂપે ઓળખાય છે. આ જડ પ્રકૃતિ સત્ત્વ, રજસ્ અને તમસ નામના ત્રણ ગુણોની સામ્યાવસ્થા છે. પ્રકૃતિ એક મૌલિક દ્રવ્ય છે. ગુણોના સંક્ષોભને કારણે પ્રકૃતિ પરિણામી બને છે. તેમાંથી વ્યક્ત આવિર્ભાવ પામે છે.

સંસાર એટલે અનુભવમાં આવતું જગત. તેનું મૂળકારણ અવ્યક્ત પ્રકૃતિ છે. પ્રકૃતિમાંથી ગુણોના સંક્ષોભને કારણે અનુક્રમે મહતત્ત્વ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ માંડીને ગંધ સુધીના રસ અને ગંધ (પાંચ તન્માત્રા) પેદા થાય. શબ્દથી તત્ત્વોને પાચ તન્માત્રા તરીકે ઓળખવામાં આવે છે. સાંખ્યમાં પ્રકૃતિ તેને જ કહેવામાં આવે છે કે જેનાથી આગળ ચાલીને કોઇ અન્ય તત્ત્વ ઉત્પન્ન થઇ શકે. આથી બુદ્ધિ અને અહંકારની સાથે પાંચ તન્માત્રાઓને પણ પ્રકૃતિ માનવામાં આવે છે. તેમાંથી સોળ વિકૃતિઓ ઉત્પન્ન થાય છે.

સોળ વિકૃતિઓ આ પ્રમાણે છે : પાંચ જ્ઞાનેન્દ્રિયો શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના અને પ્રાણ, પાંચ કર્મેન્દ્રિયો વાણી, હાથ, પગ, ઉપસ્થ (જનેન્દ્રિય) અને પાયુ (ગુદા)તેમજ મન. પાંચ સ્થૂળભૂત-પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ. મન સહિત અગિયાર ઇન્દ્રિયગણ અને પાંચ સ્થૂળભૂત પ્રત્યક્ષ છે. તેમાંથી અન્ય તત્ત્વોની ઉત્પત્તિ થતી નથી. આથી તેને વિકૃતિઓ કહેવામાં આવે છે. અગિયાર ઇન્દ્રિયગણ જે તન્માત્રાઓથી જન્મે છે તે અનુભવ ગમ્ય છે. જ્યારે કોઇ સાધક અન્તર્મુખ થઇ. ધ્યાન કરે છે ત્યારે તે સૂક્ષ્મ અને નિર્મળ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનું જ્ઞાન મેળવે છે. જ્યારે પાંચ તન્માત્રાના મૂલોઝ્મની શોધ કરવામાં આવે છે ત્યારે હોવ અહંવૃત્તિનો સાક્ષાત્કાર થાય છે. અહંકારથી ઉપર વિચારીએ ત્યારે મહત્તત્વનું દર્શ થાય છે. આનાથી આગળ કોઇ કારણ પ્રાપ્ત થતું નથી ત્યારે અનુમાન દ્વારા

મહત્તત્વને ઉત્પન્ન કરનાર શક્તિને મૂળભૂત પ્રકૃતિ માનવામાં આવે છે, જે અનાદિ, અનંત છે. આ રીતે મહર્ષિ કપિલે જડતત્વોના ૨૪ વિભાગ પાડ્યા છે. તે પ્રત્યક્ષ અને અનુભવ ગમ્ય છે. કેવળ તર્ક દ્વારા સિદ્ધ કરી શકાતા નથી. મૂળ પ્રકૃતિ ત્રણગુણોની ન્યૂનાધિકતાને કારણે જગતના વિભિન્ન તત્ત્વો તથા નામરૂપોમાં પ્રકટ થઇ વિશ્વરચના કરે છે. સાંખ્ય સમસ્ત વિશ્વને ૨૫ ત ૨૫ તત્ત્વોનો ખેલ માને છે.

@ સત્કાર્યવાદ કે કાર્ય કારણભાવ

પ્રકૃતિના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે સાંખ્યદર્શન સત્કાર્યવાદ કે કાર્યકારણ ભાવના સિદ્ધાંતનો ઉપયોગ કરે છે. પ્રકૃતિથી અનેકવિધ રંગોવાળી આ સૃષ્ટિ કેવી રીતે સર્જાઇ હશે એ પ્રશ્ન સહજ રીતે થાય છે. ભૌતિક દૃષ્ટિએ વિચારનારા દાર્શનિક આ પ્રશ્નનો સંતોષજનક ઉત્તર આપી શકતા નથી. કેવળ પરમાણુઓ દ્વારા રહસ્યમય રીતે-જેને તેઓ 'સ્વભાવ' કહે છે-સૃષ્ટિના સર્વ પદાર્થોના સર્જનની કલ્પના કરે છે. આ બાબતમાં સાંખ્યનો દૃષ્ટિકોણ સૂક્ષ્મ છે. તે માને છે કે પ્રત્યેક કારણની ભીતરમાં કાર્ય પહેલેથી જ મોજૂદ હોય છે. બાહ્ય દૃષ્ટિએ આ ન દેખાતું હોવા છતાં સત્ય છે. દા. ત. વડના અત્યંત નાના બીજમાં વિશાળ વડવૃક્ષ સૂક્ષ્મરૂપે હાજર હોય છે. તે જ રીતે અવ્યક્ત મૂળ પ્રકૃતિમાં દૃશ્ય જગત પહેલેથી જ મોજૂદ હોય છે. માત્ર સમય આવ્યે તે અભિવ્યક્ત થાય છે. કાર્ય વસ્તુતઃ પોતાના કારણમાં પહેલેથી જ વિદ્યમાન હોય છે તે સાંખ્યદર્શનની મુખ્ય ધારણા છે. કારણની પરિભાષા કરતા સાંખ્ય કહે છે કે કારણ તે સત્તા છે કે જેની અંદર કાર્ય ગુપ્તરૂપે રહે છે. આ દૃષ્ટિએ કારણ અને કાર્ય બે અલગ ઘટના નથી. પરંતુ એક સીક્કાની બે બાજુ છે. 'ઉત્પત્તિ' અને 'વિનાશ' માં કોઇ નવી ચીજ બનતી નથી તેમ કોઇ જૂની ચીજ નષ્ટ થતી નથી. કેવળ અવસ્થાનું પરિવર્તન થાય છે. સાંખ્ય દૃઢતાપૂર્વક કહે છે કે અસથી સત્નીઉત્પત્તિ કદી શક્ય બનતી નથી. જે પદાર્થ અગાઉ કોઇ રૂપે મોજૂદ ન હતો, તે કોઇપણ ઉપાયે કરી શકાતો નથી. સાંખ્યના આ મંતવ્યનો પડઘો ગીતા આ પ્રમાણે પાડે છે : 'નાસતો વિદ્યતે માવો નામાવો વિદ્યતે સતઃ ।'

કાર્યકારણભાવનો આ સિદ્ધાન્ત ઇશ્વરકૃષ્ણને સાંખ્યકારિકા-૯ માં પાંચયુક્તિઓ દ્વારા સિદ્ધ કર્યો છે.

असदकरणागुपादनग्रहणातसर्वसम्भवाभावातशक्तस्य शक्यकरणात कारणभावश्च सत्कार्यम् ॥

અર્થાત્ 'અસતમાંથી કંઇ ઉત્પન્ન થતું નથી, કાર્યાર્થીના તે તે ઉપાદાન ગ્રહણ કરવાથી, બધાં કાર્યો બધે સંભવતા નથી તેથી, શકતામાંથી જ શકયની ઉત્પત્તિ થતી હોવાથી અને કારણના ભાવ (ઐકય) થી કાર્ય સત્ છે."

ઉપયુક્ત વિગતોને નીચેની પાંચ યુક્તિઓથી સમજીએ.

(૨) असद् अकरणात् ।

જે વસ્તુ અસત્ છે તેનું અસ્તિત્વ ક્યાંય હોતું જ નથી. તે કોઇપણ ઉપાયે ઉત્પન્ન થઇ શકે શકે નહિ. આથી જો 'કારણમાં કાર્ય પહેલેથી જ મોજૂદ ન હોય તો તે કદાપિ પ્રગટ થઇ શકે નહિ. દા.ત. વંદયાને પુત્ર ન જન્મી શકે.

(૨) **उपादानगेरहणात्** : કોઇપણ વસ્તુને પેદા કરવા માટે ઉપાદાન કારણની આવશ્યકતા રહે છે. આ ઉપાદાન કારણ જ તે કાર્ય કે પદાર્થને ઉત્પન્ન કરી શકે. d wit જેમકે, દહીં પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર માણસે દૂધ જ લેવું પડે, જળ નહિ. ટૂંકમાં, દહીંના ઉત્પાદનનું કારણે દૂધ હોવાથી, તેમાંથી જ તે મળી શકે. જળમાં આ સંભાવના નથી.

(૩) **सर्वसंभवाभावात्** : જો ઉપાદાન કારણની સાથે કાર્યના સંબંધની અનિવાર્યતા ન સ્વીકારવમાં આવે તો ગમે તે પદાર્થમાંથી ગમે તે પદાર્થ મળી શકે. જો અસમાંથી સત્ની ઉત્પત્તિ થતી હોત તો સર્વ વસ્તુમાંથી સર્વ વસ્તુની સંભાવના થાત. પરંતુ આ પ્રમાણે બનતું નથી. જેમ કે, તેલ મેળવવા તલ પીલવા પડે, રેતી નહિ.

(૪) **शक्तस्य शक्यकरणात्** : કુંભાર શક્ત છે તે માટી, દંડ, ચક્ર વગેરે સાધનોની સહાયથી શકયઘટાદિ પદાર્થ પેદા કરી શકે છે. શકત (કુંભાર) તેના ઉકત સાધનોથી અશક્ય એવા મણિ વગેરે પદાર્થને ઉત્પન્ન કરી શકતો નથી. ટૂંકમાં કારણ પોતાની શક્તિની મર્યાદામાં રહીને, પોતાને અનુરૂપ કાર્ય પેદા કરી શકે છે.

(૫) **कारणभावात्** : કારણના ગુણો જ કાર્યમાં જોવા મળે છે. દા.ત. આંબા ઉપર કેરી જ પેદા થાય, બોર નિહ. જો અસમાંથી સત્ ઉતપન્ન થતું હોત તો પરિસ્થિતિ અન્યથા જોવા મળેત. સાંખ્યદર્શન કારણ અને કાર્યના અભેદમાં માને છે. અર્થાત્ કારણ હોય તો કાર્ય છે અને કાર્ય હોય તો કારણ છે.સપ કારણની સાથે અસરૂપ જેવી છે. કાર્યનો સંબંધ કદાપિ ન હોઇ શકે. કાર્યકારણની સમાનતા ગૂંથેલાં કપડાના જેવી છે.

આમ, અભાવાત્મક કોઇપણ ક્રિયાનો વિષય થઇ શકતો નથી. અસત્ ક્યારેય ન બને. ઉત્પન્ન પદાર્થ જે સામગ્રીથી બન્યા હોય તેનાથી ભિન્ન ન હોય. ઉત્પન્ન સત્ ન થતાં પહેલાં તે સામગ્રીરૂપે વિદ્યમાન રહે છે. જો આ ન સ્વીકારીએ તો ગમે તે
વસ્તુમાંથી ગમે તે પેદા થાય. આવશ્યક ક્ષમતાવાળા પદાર્થોમાં જ કાર્યકારણભાવ સંબંધી યોગ્યતા જોડાયેલી હોય છે. કાર્યનું સ્વરૂપ તે જ હોય છે જે કારણનું હોય છે. એકબીજાથી તાત્ત્વિકરૂપે ભિન્ન પદાર્થોમાં કાર્યકારણભાવ સંબંધ ન હોઇ શકે.

જે કંઈ છુપાયેલું હોય છે તેનું પ્રકાશમાં આવવું તે જ વિકાસ, એરિસ્ટોટલ તેને 'સંભાવ્ય સત્તાના રૂપમાં સંક્રમણ' કહે છે. હેગલના શબ્દોમાં 'આ ગુપ્તાવસ્થાથ પ્રકટરૂપમાં આવવું છે.' આ મતને ધર્મશાસ્ત્રનું પણ સમર્થન છે.

સત્કાર્યવાદના ઉક સિદ્ધાંત મુજબ કારણ અને કાર્ય એક પદાર્થની અવિકસિત તથા વિકસિત અવસ્થ ! છે. સમસ્ત ઉત્પાદન ઉદ્ભાવ કે વિકાસ અને સમસ્ત વિનાશ અનુદ્ભાવ કે કારણની અંદર વિલય પામવું છે. અત્યંત અભાવ નામની કોઇ વસ્તુ જ નથી. ભૂતકાળ અને ભવિષ્યની અવસ્થાઓનો નાશ થતો નથી; કેમકે તેના પ્રત્યક્ષજ્ઞાનનો અનુભવ યોગીઓને જ થાય છે. સાંખ્ય વિકાસ (આવિર્ભાવ) તથા અન્તર્ણય (તિરોભાવ) ની કલ્પના સ્વીકારે છે.

કારણ અને કાર્ય ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે; આથી એકબીજાથી ભિન્ન છે. જો કે આ ભેદનો આધાર આપણો ક્રિયાત્મક સ્વાર્થ છે. ઘડો પોતાની અંદર જળને રાખે છે, પણ માટીને રાખી શકતો નથી. જ્યાં ઉપાદાન કારણ અને કાર્ય મૌલિક રૂપે એક જ છે, ત્યાં ક્રિયાત્મરૂપે તે ભિન્ન ભિન્ન છે. કેમકે તેમનાથી ભિન્ન ભિન્ન પ્રયોજન સિદ્ધ થાય છે તાદાત્મય મૌલિક છે, ભેદ માત્ર ક્રિયાત્મક રૂપમાં જ છે. સાંખ્ય બે પ્રકારના કારણો-ઉપાદાન અને નૈમિત્તિકમાં ભેદ કરે છે. જ્યાં ઉપાદાન કારણ કાર્યની અંદર પ્રવેશ પામે છે ત્યાં નૈમિત્તિક કારણ બહાર રહે છે, છતાં પોતાનો પ્રભાવ પાડે છે. જો કે કાર્ય કારણની અતંર્ગત રહે છે તો પણ એવી એક વસ્તુની આવશ્યકતા રહે છે કે જે કારણાત્મક સ્થિતિથી સ્વતંત્ર કરી શકે. બીજમાંથી તેલ કાઢવા આપણે તેને પીલીયે છીએ, અનાજ પ્રાપ્ત કરવા ડૂંડાને ધોકાવા પડે છે. જ્યારે આ સહકારી શક્તિનો અભાવ હોય છે ત્યારે પણ કાર્યોત્પત્તિ થતી નથી. જો કે શક્તિરૂપે કારણની અંદર વિદ્યમાન રહે છે. પરંતુ આ શક્તિમત્તા એક સાથે વાસ્તવિકરૂપ ધારણ કરતી નથી. રૂકાવટ દૂર કરવાથી શક્તિમત્તાનુ વાસ્તવિકરૂપે આવવું 'સહચારી કારણ' છે. યોગભાષ્યમાં વ્યાસ કહે છે કે ઊંચાઇવાળી ભૂમિ પરથી પાણી નીચે લાવતી વખતે વચ્ચે આવતી રૂકાવટોને દૂર કરીએ તો પાણી જાતે જ પોતાનો માર્ગ કરી લે છે. આ સહચારી અવસ્થાને દેશ, કાળ, રૂપ અને આકાર છે. એક પથ્થરના ટૂકડામાંથી છોડ ન જન્મે.

કાર્યોમાં પણ બે પ્રકારનો ભેદ છે. દૂધમાં મલાઇનું ઉત્પન્ન થવું એક સરળ અભિવ્યક્તિવાળી અવસ્થા છે. સોનાના આભૂષણો બનાવવા તે પુનરુત્પત્તિનું દૃષ્ટાંત છે. જ્યારે કોઇ વસ્તુના સ્વભાવમાં પરિવર્તન થાય છે ત્યારે આપણી સમક્ષ ધર્મ પરિણામ'ની અવસ્થા આવે છે. જ્યારે ગુપ્ત વાસ્તવિક રૂપે પ્રગટે અને પરિવર્તન માત્ર બાહ્ય હોય તો તે 'લક્ષણ-પરિણામ'ની અવસ્થા છે. કેવળ સમયના વીતવાથી પ્રસ્તાવના . ૩૭

અવસ્થામાં પરિવર્તન આવે તો તે 'અવસ્થા પરિણામ' છે. પરિવર્તન પ્રત્યેક સ્થાને અને પ્રત્યેક ક્ષણે થઇ રહ્યું છે. આપણે એક પાણીની ધારમાં બે વખત પગ મૂકી શકતા નથી, કેમ કે પાણી બે ક્ષણ માટે તે જ રહેતુ નથી. અને તે પણ સાચું છે કે તે વ્યક્તિ તે પાણીની ધારામાં બે વાર પગ મૂકતી નથી. કેમ કે તે દરમિયાન જેમ પાણીની ધારામાં પરિવર્તન થાય છે તેમ વ્યક્તિમાં પણ પરિવર્તન થાય છે. સર્વ વસ્તુઓ અને અવસ્થાઓ બાહ્ય તેમજ આત્યંતર પરિવર્તનને અધીન છે. આ પરિવર્તનરૂપ પ્રક્રિયામાંથી મનુષ્યનું મસ્તિષ્ક પૂર્વવર્તી અને પશ્ચાત સંબંધ દ્વારા કાર્યકારણ ભાવના નિયમની રચના કરે છે.

સાંખ્યદર્શન અનુસાર વિશ્વરચના કે સૃષ્ટિ ઉત્પત્તિના બધાં જ કાર્ય, મૂળ પ્રકૃતિમાં પહેલેથી જ અવ્યક્તરૂપે ઉપસ્થિત હતા, જે સમય આવ્યે પ્રકટ થાય છે. દરેક વસ્તુને કારણ છે. કાર્ય દશ્યમાન થાય તે પહેલાં કારણ અને કાર્ય વચ્ચે એકરૂપતા હોય છે. કોઇપણ વસ્તુ આકસ્મિક રીતે બનતી નથી, સાંખ્ય મુજબ આકસ્મિક શબ્દ નિરર્થક છે. જો રૂકાવટોને દૂર કરી શકાય તો કોઈપણ કારણ કોઇપણ કાર્ય પેદા કરી શકે. કારણ કે સર્વ પદાર્થો પ્રકૃતિના પરિવર્તિત રૂપ જ છે. વિજ્ઞાનભિક્ષુના મત મુજબ પથ્થરની અંદરના કણોની વ્યવસ્થા આંતરિક ગુપ્ત શક્તિને વિકસાવે છે તેથી તે અંકુર રૂપે ફૂટી શકતા નથી. ઈશ્વર ઇચ્છાએ આ આંતરિક રૂકાવટ દૂર થાય તો પથ્થરમાંથી પણ છોડ ફૂટી શકે છે. આમ, સમગ્ર વિશ્વ સતત ચાલતી કારણ-કાર્ય પરંપરાનું જ પરિણામ છે. “The whole universe is a continuous process of change of causes into their effects. The root cause, which itself is causeless, is અવ્યક્ત.

૯. ત્રણ ગુણનો સિદ્ધાંત

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः । निबघ्नन्ति महाबाहो देहे देहिनमव्ययम्

॥ ગીતા ૧૪.૫

“સત્ત્વ, રજસ્ અને તમસ એ ત્રણ ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે. હે મહાબાહો, તે દેહીને દેહમાં બાંધે છે.”

ઉપર્યુક્ત ગીતાવચનમાં ભગવાન શ્રીકૃષ્ણે પ્રકૃતિથી નિષ્પન્ન થયેલા ત્રણ ગુણોનો ઉલ્લેખ કર્યો છે. તે ગુણ અવિનાશી પુરુષને બંધનમાં નાખે છે. સાંખ્ય દર્શનમાં પ્રકૃતિના કાર્યોની લાક્ષણિકતાને આધારે તેની વિકાસયાત્રાને ત્રણ ઘટક શક્તિઓ અથવા ગુણો પર નિર્ભર માનવામાં આવે છે. પ્રકૃતિ એક ત્રિગુણાત્મક દોરી છે. બુદ્ધિમાં સુખ, દુઃખ સંમોહ-કાર્યરૂપ-ગુણ પ્રાપ્ત થાય છે. આથી તેની કારણ રૂપ પ્રકૃતિમાં પણ તદનુકૂળ ગુણ અવશ્ય હોવા જોઈએ. આ ગુણ પ્રત્યક્ષનો વિષય

નથી પરંતુ તેમના કાર્યો દ્વારા તેમના અસ્તિત્ત્વનું અનુમાન કરાય છે. અમાંથી પ્રથમ ગુણને ‘સત્ત્વ' કહે છે. તે કાર્યક્ષમ ચેતના છે, તેથી ચેતનામય

૬

સાંકારિકા ૩૮

કહ્યું અભિવ્યક્તિ તરફ પ્રવૃત્ત થાય છે અને મનુષ્યમાં સુખ પેદા કરે છે. વ્યુત્પતિ-શાસ્ત્ર મુજબ સવ શબ્દ ચત્' પરથી યુપન્ન થયો છે. અર્થાત્ સત્ તે છે જે યથાર્થ અને વિદ્યમાન છે. ચૈતન્યને આ નામ અપાયું હોવાથી સત્ત્વગુણને કાર્યક્ષમ ચૈતન્ય છે. શોધ અર્થોમાં ‘સત્' નો અર્થ ‘વર્ણા' પણ છે આ રીતે સત્ત્વ એ સૌજન્ય અને ૪૧ પા&ક છે, સત્ત્વગુણને હલકો બતાવ્યો છે સત્ત્વગુણ નિર્મળપણાને લીધે પ્રકાશક અને ઉપાય રહિત છે, તે સુખસંગ અને જ્ઞાનસંગથી પુરુષને બાંધે છે.

બીજો રજોગુણ સમસ્ત ક્રિયાનો સ્રોત છે અને દુઃખનો ઉત્પાદક છે. રજોગુણ આપણને ઉત્તેજનામય સુખ અને સતત ઉદ્યમી જીવન તરફ દોરી જાય છે. રાગ કે પતિના સ્વરૂપવાળો રજોગુશ તૃષ્ણા અને આસક્તિનો જન્મદાતા છે. તે પુરુષને કપસંગથી લોધે છે.

Nો તમોગુણ ક્રિયાશીલતામાં વિઘ્ન પેદા કરાવે છે. તે ઉદાસીનતા અને નિરૂત્સાહનો જનક છે. તે અજ્ઞાન અને આળસ તરફ દોરી જાય છે. તમોગુણ સર્વ પુરુષોને મોહ પમાડનાર અજ્ઞાનથી પેદા થાય છે. તે પ્રમાદ, આળસ અને નિદ્રાથી પુરુષને બાંધે છે.

સત્ત્વ, રજસ્ અને તમના કાર્ય ક્રમશઃ (અભિવ્યક્તિ), પ્રવૃત્તિ (ક્રિયાશીલતા) અને નિયમન (અવરોધ) છે. તે ક્રમશઃ સુખ, દુઃખ અને આળસ (તન્દ્રા)ને ઉત્પન્ન કરે છે. ત્રણે ગુણો ક્યારેય પૃથક્ રહેતા નથી. તેઓ એકબીજાને પુષ્ટ કરે છે તેમજ એકબીજામાં મળેલા રહે છે. તેઓ પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા છે, છતાં સદૈવ સાથે જ રહે છે. આ ગુણોનો પારસ્પરિક સંબંધ અને પ્રભાવ સમજાવવા સાંખ્યકારિકામાં દીપકનું ઉદાહરણ આપવામાં આવ્યું છે, જે રીતે તેલ, વાટ અને અગ્નિ પૃથક્ પદાર્થ છે, એક બીજાથી સર્વથા જુદા છે; વિરોધી છે, છતાં આ ત્રણોના સંયોગથી પ્રકાશ પેદા થાય છે.

જોઆ ત્રણમાંથી એકાદ પણ તત્ત્વ ગેરહાજર હોત તો પ્રકાશની સંભાવના નહોતી. આ જ રીતે સત્ત્વ, રજસ્ અને તમસ્ પરસ્પર વિરુદ્ધ સ્વભવવાળા હોવા છતાં સૃષ્ટિ નિર્માણના કાર્યને સિદ્ધ કરે છે.

આ ત્રણગુણો સાથે રહેવા છતાં એકબીજાને દબાવવાની ચેષ્ટા કરે છે. ગીતામાં પણ ગુણોના આવા પ્રકરના સ્વભાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 7

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजःसत्वंसश्चैव तमःसत्वं रजस्तथा ।।ગીતા૧૪.૧૦

અર્થાત્ “હે ભારતરજોગુણ અને તમોગુણનો પરાભવ કરીને સત્ત્વગુણ થાય છે, તેમજ સત્ત્વ અને તમોગુણનો પરાભવ કરીને રજોગુણ થાય છેતથા સત્ત્વ અને રજોગુણનો પરાભવ કરીને તમોગુણ થાય છે.” એક-બીજાને દબાવવાની ગુણોની પ્રવૃત્તિને સાંખ્ય પરિભાષામાં ‘અભિભવવૃત્તિતરીકે ઓળખાવામાં આવે છે. જ્યારે રજોગુણને અને તમોગુણને દબાવીને સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે ત્યારે પ્રગતિ અને પ્રકાશરૂપ ધર્મો ઉત્પન્ન થાય છે. જ્યારે સત્ત્વ અને તમસને દબાવીને રજોગુણ પ્રબળ થાય છે ત્યારે અપ્રીતિ અને પ્રવૃત્તિરૂપ ધર્મો અભિવ્યક્ત થાય છે. જ્યારે સત્ત્વ અને રજસને તમોગુણ અભિભૂત કરે છે ત્યારે વિષાદ અને સ્થિતિરૂપ ધર્મો સંભવે છે.

આમાંનો કોઇપણ ગુણ એકલો બીજા ગુણની સહાય વિના અભિવ્યક્તિ કરીશકતો નથી. સાંખ્યચાર્યો ગુણોના આ સ્વભાવને ‘આશ્રયવૃત્તિ’ તરીકે ઓળખે છે. આ ત્રણ ગુણોનીસામ્યાવસ્થાને સાંખ્યાચાર્યો પ્રકૃતિ તરીકે ઓળખે.છે. સાદી ભાષામાં આ ત્રણ ગુણોએ જ પ્રકૃતિ છે. આ ત્રણ ગુણો જ પ્રકૃતિના સારભૂત તત્ત્વ છે. સર્વ પદાર્થો આ ત્રણ ગુણોના મિલનથી જ બન્યા છે. સંસારમાં જે ભેદ દેખાય છે તે, ભિન્ન ભિન્ન ગુણોની પ્રધાનતાને કારણે છે. ગુણોની આ પ્રકારની કલ્પનાનો આદિસ્રોત નિઃસંદેહ મનોવૈજ્ઞાનિક છે. કારણ કે તેમની અંદર જે ભેદ કરાયો છે તે ભાવનાના ભિન્ન ભિન્ન પ્રકારો પર નિર્ભર છે. સાંખ્યકારિકાના સમયમાં પણ ગુણો પ્રકૃતિના ઘટકો કે અવયવોને પ્રકટ કરતા. જેમ કે, શ્વેતાશ્વતર ઉપનિષદ્ (૪:૫) “અનામેનાં લોહિતજીવતમ્"માં શ્રી શંકરાચાર્ય છાન્દોગ્યોપનિષમાં વર્ણિત ત્રણ રંગોનો આભાસ જુએ છે. લાલ રજસ (ભાવાવેશ) છે. કેમ કે સ્વભાવતઃ મનુષ્યને લાલ બનાવી, બેચેની પેદા કરે છે. શ્વેત સત્ત્વ (કલ્યાણકારક) છે. કેમ કે તે સ્વભાવતઃ મનુષ્યને ઉજ્જવળ બનાવે છે. કૃષ્ણવર્ણ તમમ્ (અંધકાર) છે. કેમ કે તે અજ્ઞાનનો અંધકાર પેદા કરે છે. આ ત્રણે ગુણ પ્રકૃતિના હોવાથી તેને અના (જેનો જન્મ ન થયો હોય તેવી) કહી છે. ગુણ નામનો અર્થ દોરી થાય છે. કારણ કે તે આત્માને બાંધે છે. ગુણનો અર્થ ગૌણ પણ થાય છે. પ્રકૃતિ વિશેષ્ય છે અને ગુણ તેના ઘટક કે અવયવરૂપ હોવાથી ગૌણ છે.

આપણે જેને પ્રાપ્ત કરવા ઇચ્છીએ છીએ તે સારભૂત તત્ત્વ કે સ્વરૂપનો દ્યોતક સત્ત્વગુણ છે. આ ઉદેશની પ્રાપ્તિના માર્ગમાં આવતી મુશ્કેલીઓનો દ્યોતક તમોગુણ છે. આ મુશ્કેલીઓ પર જેના દ્વારા વિજય મેળવી શકાય અને સારભૂત રૂપે અભિવ્યક્ત કરી શકાય તે શક્તિનો દ્યોતક રજોગુણ છે. સાંખ્ય દ્વારા પ્રતિપાદિત સત્કાર્યવાદ અનુસાર વસ્તુની ઉત્પત્તિ કેવળ અભિવ્યક્તિમાત્ર છે અને વિનાશ તિરોભાવ સિવાય કશું પણ નથી. આ બન્ને પ્રતિક્રિયાકારક શક્તિઓની હાજરી કે ગેરહાજરી પર નિર્ભર છે. મુશ્કેલીઓ દૂર થતાં અભિવ્યક્તિ થાય છે, જે અભિવ્યક્તિ થાય છે તે સત્ત્વ અથવા વસ્તુનું રૂપ છે. અભિવ્યક્તિનું કારણ રજોગુણ છે; સત્ત્વની અભિવ્યક્તિના માર્ગમાં આવતી મુશ્કેલી તમસ છે. તેના પર વિજય પ્રાપ્ત કરવાનો છે. જ્યાં સત્ત્વ અને તમસ્ ક્રમશઃ વિધ્યાત્મક સત્ અને નિષેધાત્મક અસને અનુરૂપ છે, ત્યાં રજસ્ તે બન્નેની વચ્ચેના સંઘર્ષનું દ્યોતક છે. પ્રત્યેક વસ્તુનું પોતાનું આદર્શ સારતત્ત્વ હોય

છે, જેને તે મેળવવા પ્રયત્ન કરે છે અને વાસ્તવિક આદતો હોય છે, જેમાંથી તે છૂટકારો મેળવવા પ્રયત્ન કરે છે. પાછળતી અવસ્થા તેની તમોવસ્થા છે અને પહેલી સત્ત્વાવસ્થા છે. પ્રયત્ન કરવાની પ્રક્રિયા રાજસી અવસ્થાનો ઘોતક છે. સત્ત્વ દ્વારા કોઈપણ વસ્તુ પોતાના ચૈતન્યમાં અભિવ્યક્તિ થાય છે. કારણ કે આ લક્ષણ જીવનમાત્રમાં ઉપલબ્ધ થાય છે. આથી આ મૂળ પ્રકૃતિનું કારણ મનાયું છે.

આ ગુણ વૈશષિકદર્શનના ગુણ નથી. કારણ કે આ ગુણની અંદર લઘુતા, ક્રિયાશીલતા વગેરે ધર્મો છે. વિજ્ઞાનભિક્ષુ આ ગુણોને યથાર્થ સત્તાના પ્રકાર બતાવે છે. પ્રાચીનઉપનિષદોમાં તેમને મનોવૈજ્ઞાનિક અવસ્થાઓનું રૂપ આપ્યું છે. જે ભૌતિ અને માનસિક નબળાઈઓને ઉત્પન્ન કરે છે. રચનાની દૃષ્ટિએ ગુણ અત્યંત સૂક્ષ્મ બતાવાયા છે. તે સદા પરિવર્તનશીલ છે. સામ્યાવસ્થામાં પણ તે નિરન્તર એકબીજામાં પરિવર્તિત થતા રહે છે. પરંતુ સામ્યાવસ્થામાં કોઇ ક્ષોભ પેદા ન થાય ત્યાં સુધી તે પરિવર્તન કોઈ વિષયનિષ્ઠ પરિણામ જન્માવી શકતું નથી. ગુણોની સામ્યાવસ્થામાં ક્ષોભ પેદા થતાં આ ગુણ એકબીજા પર ક્રિયાપ્રતિક્રિયા કરે છે. તેથી વિકાસ થાય છે. ગુણોની વિવિધ પ્રતિક્રિયાને લીધે જ જગમાં વૈવિધ્ય જોવા મળે છે. જે વિશેષ ઘટનામાં જે કોઇ ગુણ સર્વોપરિ રહે છે તે તેમાં અભિવ્યક્ત થાય છે, જો કે અન્ય ગુણ પણ અનુપસ્થિત નથી રહેતા. ભૌતિક જડ પદાર્થોમાં તમોગુણ પ્રધાન હોય છે; સત્ત્વ અને રજસ્ ગૌણ હોય છે. ગતિમાન પદાર્થોમાં રજોગુણ પ્રધાન છે અને અન્ય ગુણો છુપાયેલા રહે છે. સત્ત્વ રજસ્ અને તમસ્ જેવા પારિભાષિક શબ્દોનો પ્રયોગ પ્રધાનને લક્ષ્ય બનાવીને કરાય છે. કાર્યરૂપ જગત્ની ઉત્પત્તિમાં ત્રણે ગુણો એક સાથે ભાગ લેતા હોવા છતાં કચાંરેય એકીભૂત નથી થતા. પારસ્પરિક પ્રભાવ કે સામીપ્સને લીધે તેમની અંદર પરિવર્તન થાય છે. તે વિકસિત થાય છે, પરસ્પર મળે છે અને છૂટા પડે છે. તેમાંથી કોઇપણ પોતાની શક્તિને ગુમાવતું નથી. પ્રકૃતિ અને તદ્જન્ય પદાર્થ આ ગુણોને ધારણ કરતા હોવાથી તે અચેતન છે.

વિજ્ઞાનભિક્ષુના મતે ગુણોની અભિવ્યક્તિ અસંખ્ય છે. તો પણ કેટલાક સામાન્ય (જેમ કે લઘુતા વગેરે) લીધે તેમનું ત્રણ પ્રકારે વર્ગીકરણ કરાયુ છે. આ ગુણોની સૃષ્ટિ નથી થતી અને નાશ પણ થતો નથી. જેમ ચોપાટના ખેલમાં પાસા સદા એક જ હોય છે, પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારે પડે છે, તેથી તેનો અર્થ પણ આપણા માટે જુદો જુદો હોય છે તેમ સમસ્ત પરિવર્તન પણ અનંતકાળથી વિદ્યમાન અનિવાર્ય સત્તાઓની સ્થિતિ, વ્યવસ્થા, તેમના વર્ગીકરણ મિશ્રણ તથા પૃથક્કરણ સાથે સંબંધ રાખે છે. જે સદા પરસ્પર સંઘટિત અને વિઘટિત થતા રહે છે.